

## જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરની ત્રિ- દશાબ્દી મહોત્સવની ઉજવણી

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરે તેની સ્થાપનાના તા. ૯ જૂનના રોજ ૩૦ વર્ષ પૂર્ણ કરેલ છે. તેની ઉજવણીનો કાર્યક્રમ ટાઉનહોલ ખાતે યોજાયેલ હતો. જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશનના પ્રમુખ દિલીપભાઈ શાહ, રીજીયનના ચેરમેન મનિષભાઈ શાહ અને રીજીયનના અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્મરણિકાનું વિમોચન સેરા કંપનના સી.ઈ.ઓ. અતુલભાઈ સંઘવી તથા જાણીતા ઉદ્યોગપતિ કુશલ ભણશાલીના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ બંકિમ પાઠક મ્યુઝિકલ નાઈટ યોજાઈ હતી. આ પ્રસંગે ગૃપ તરફથી રૂા. ૩૧૦૦૦ જીવદયા, શૈક્ષણિક સહાય તથા ગરીબોને ભોજન માટે જાહેર કરવામાં આવ્યા હતા.

# સે. ૬ અપના બજાર પાસે કારમાં આવેલા શખ્સોએ યુવાનને માર માર્યો

## ચાર ઈસમોએ સે. ૨ના યુવાનને ધોકા વડે મારતાં ઈજા

ગાંધીનગર, તા. ૧૬

સે. ૬માં અપનાબજાર સામે મોડી સાંજના સમયે ગાડીમાં આવેલા ચાર ઈસમોએ એક યુવાનને ધોકા વડે માર મારતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૨-સીમાં પ્લોટ નં. ૯૦૨/૨માં રહેતા પ્રણેશ વિષ્ણુભાઈ જાની ગઈકાલે સાંજે ૭.૪૫ વાગ્યાના અરસામાં સે. ૬ સ્થિત અપનાબજાર સામે ઉભા હતા તેવા સમયે એક કારમાં આવેલા ચાર ઈસમોએ તેમને ધોકા વડે માર મારતા પ્રણેશભાઈને શરીરના ભાગે ઈજાઓ થવા પામી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર બે દિવસ અગાઉ તેમને તકરાર થઈ હતી જેની અંગત અદાવત રાખી આ હૂમલો કરાયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. ગઈકાલે સાંજે ગાડીમાં આવેલા ઈસમોમાં સે. ૨માં સોમનાથ પાર્લર ધરાવનાર ઈસમ ઉપરાંત તેમને ત્યાં કામ કરતા યુવાન સહિત અન્ય બે ઈસમોએ તેમને માર માર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ સંદર્ભે સે. ૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પીંડારડા માર્ગ પર મારૂતિ ઝાડ સાથે અથડાતાં એકનું મોત

## ગંભીર રીતે ઘવાયેલા મારૂતિ ચાલકનું ઘટના સ્થળે મોત નિપજયું

ગાંધીનગર, તા.૧૬

જિલ્લાના મુબારકપુર-પીંડારડા- માર્ગ પર ગત મોડી રાત્રે મારૂતિ કાર ઝાડ સાથે અથડાતા એક વ્યકિતનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના પીંડારડા ગામમાં રહેતા બિપિનસિંહ શિવસિંહ ચૌહાણ ગઈકાલે રાત્રિના ૧ વાગ્યાના અરસામાં મારૂતિકાર નં. જીજે-૧૮-એ.એચ. ૨૭૩ લઈને જતા હતા. આ દરમિયાન મુબારકપુર પીંડારડા માર્ગ પર તેમની મારૂતિકાર ઝાડ સાથે અથડાતા કારચાલક બિપિનસિંહને ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટનાસ્થળે મોત નિપજયું હતું. આ બનાવ સંદર્ભે પીંડારડામાં રહેતા અનુપસિંહ ઈશ્વરસિંહ વાઘેલાએ પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. આર.એમ. વસાવાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લાના માર્ગો પર રાત્રીના સમયે થોડા સમયની અંદર જ માર્ગ અકસ્માતમાં આ બીજા વ્યકિતનું મોત નિપજયું છે. થોડા સપ્તા અગાઉ ચિલોડા નજીક પણ માર્ગ અકસ્માતમાં એક વ્યકિતનું કરૂણ મોત નિપજયું હતું.

# વરસોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જીપની બેટરી અને ટાયરોની ચોરી

માણસા, તા. ૧૬

માણસાના વરસોડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સરકારી જીપના ટાયર અને બેટરીની ચોરી કરી તસ્કરો પલાયન થઈ જતા માણસા પોલીસે ગુનો નોંધી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. માણસાના વરસોડા ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફાળવવામાં આવેલી સરકારી જીપ નં. જીજે-૧૮-આર-૬૨૧૪ને થોડા દિવસ અગાઉ કેન્દ્રના કર્મચારીએ આરોગ્ય કેન્દ્રના શટરવાળા પાર્કીંગમાં મુકવામાં આવી હતી. દરમિયાન કેટલાક તસ્કરોએ બે દિવસ આ કેન્દ્રના આવી શટરનું તાળુ તોડી અંદર પડેલી સરકારી જીપમાંથીટાયર અને બેટરી મળી કુલ ૧૮ હજાર રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે કેન્દ્રના કર્મચારીએ માણસા પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સિનીયર સિટીઝન્સ કાઉન્સીલની સેવાકીય પ્રવૃત્તિઓ માટેનું પ્રસંશનીય આયોજન

ગાંધીનગર, તા. ૧૫

સીનીયર સીટીઝન્સ કાઉન્સીલ ગાંધીનગર મુખ્ય હેતુ સમાજના ખાસ પીડિત, વંચીત, ગરીબ, નિસહાય જરૂરતમંદોને સહાય કરી સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનો શુભ ઈરાદાથી આ સંસ્થાન સ્થાપના કરી છે. દરેક સભ્યો તન- મન- ધનથી ઘસાઈને ઉજ્જવળ થવાનો સંકલ્પ અને પ્રયત્ન કરેલ છે. કાઉન્સીલ સેવાકીય પ્રવૃત્તિઓ બાળકો, યુવાનો, વૃદ્ધો દરેક વય જૂથની કોઈને કોઈ આવશ્યકતાને સ્પર્શવાનો તેની ન્યુનતાને કંઈ અંશે હળવો કરવાની પ્રયત્ન કરે છે. કાઉન્સીલની પ્રવૃત્તિઓ ગાંધીનગર તાલુકા પૂરતી સીમિત રાખેલ છે. તેમ છતાં કુદરતી હોનારતના પ્રશ્નો વિશે યોગ્ય મદદ કરેલ છે.

ઉપરોક્ત હેતુથી ૨૦૧૧-૧૨માં કરેલ પ્રવૃત્તિને આગામી ૨૦૧૩નું આયોજન કરેલ છે. (૧) સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સહાય. અંદરના ગરીબ દર્દીઓને દવાની સહાય આપવામાં આવે છે. (૨) ૨૦૧૧-૧૨માં રૂા. ૧,૦૪૮૭૯નો ખર્ચ થયેલ છે. ૨૦૧૨-૧૩માં રૂાય ૧૩૦૦૦૦નું આયોજન કરેલ છે. જી.એન. ખારોડ નિધિમાં જરૂરતમંદ દર્દીઓને તેમના નાના-મોટા આપરેશન ખર્ચનાં આર્થિક સહાય કરવામાં આવે છે. ગત વર્ષમાં રૂા. ૩૬૦૦૦ ખર્ચ થયેલ છે. આગામી વર્ષ માટે રૂા. ૩૦૦૦૦નું આયોજન કરેલ છે. (૩) પાણી પરબ સેવા, ઉનાળામાં ચાલુ કરવી. ખુલ્લામાં વસતાં શ્રમજીવીઓને ઠંડી છાશનું વિતરણ, પગરખાં વિતરણ માટે ગત વર્ષ રૂા. ૫૦૩૭૫નો ખર્ચ થયેલ છે. આગામી વર્ષ માટે રૂા. ૬૦૦૦૦નું આયોજન કરેલ છે. (૪) ધાબળા, ગરમ વસ્ત્ર સેવા શિયાળામાં ઠંડી ઋતુમાં ખુલ્લામાં વસતા નિરાધરોને ધાબડા ગરમ વસ્ત્રોનું વિતરણ કરવા માટે ૧૧-૧૨માં રૂા. ૪૯૨૪૦ નો ખર્ચ કરવામાં આવશે. (૫) દરિદ્ર નારાયણ બાલમુકુંદ સેવા શહેર આજુબાજુના ગામડામાં વસતા સાવ નિરાધાર કુટુંબોને દર માસે નિયમિત રેશન આપવામાં આવે છે. આગણવાડીના બાળકોને ૧૫૦ ગ્રામ પૌષ્ટીક આહાર- નાસ્તો, ઋતુ અનુસાર આપવામાં આવેલ. ૧૪૧-૧૨માં રૂા. ૧૪૯૫૭૩નો ખર્ચ થયેલ છે. ૧૨-૧૩માં રૂા. ૧૬૦૦૦૦નો અંદાજ રાખેલ છે. (૬) વિદ્યાર્થી સહાય દર વર્ષે એકવાર નક્કી કરેલ ૩ શાળામાં બાળકોને નોટબુકો, પેન્સિલ, બોલપેન, રબર વગેરે આપવું પહેલા ધોરણના બાળકોને ગણવેશ આપવો. ૧૧-૧૨માં રૂા. ૪૯૬૦૦નો ખર્ચ થયેલ છે. ૧૨-૧૩માં રૂા. ૧૫૦૦૦૦નું આયોજન રાખેલ છે. (૭) ફરતા દવાખાનાની સેવા છેલ્લા ૧૦ વર્ષથી ગાંધીનગરની આજુબાજુ ૧૨ જેટલા વિસ્તારમાં ચાલે છે. જેના ૧૧-૧૨માં ખર્ચ રૂા. ૫૬૫૭૦૦ આગામી વર્ષ માટે રૂા. ૬૦૦૦૦૦નો અંદાજ મુકેલ છે. (૮) એમ્યુલન્સ સેવા વાતાનુકુલિત અને ઓક્સિજન સાથે રાહતદરે સેવા ચાલુ છે. ગાંધીનગર સ્થાનિક રૂા. ૧૫૦ ગાંધીનગરની એપોલો હોસ્પિટલ રૂા. ૨૦૦, ગાંધીનગરથી અમદાવાદ રૂા. ૩૦૦, ગાંધીનગરથી બહાર રૂા. ૮૫૨ એક કિમી.ની સેવા આપે છે. જેનો ૧૧-૧૨માં રૂા. ૧,૩૯૨૦૦નો ખર્ચ થયેલ છે. ૧૨-૧૩માં રૂા. ૧૫૦૦૦૦નો અંદાજે ખર્ચ મુકેલ છે.

પ્રોત્સાહક પ્રવૃત્તિઓ પણ જોગવાઈ કરેલ છે. સભ્યશ્રીઓના પુત્રો, પૌત્રૌને શૈક્ષણિક પ્રોત્સાહન માટે પુરસ્કાર વિતરણ, વિશિષ્ટ સિધ્ધ એવાર્ડ. આ ઉપરાંત કુદરતી હોનારત માટે કામ કરે છે. ગત વર્ષ સિક્કિમ ભુકંપમાં રૂા. ૫૦૦૦૦નો ખર્ચ થયેલ હતો. ૨૦૧૨-૧૩માં કુલ ૧૫,૮૪૦૦ની જોગવાઈ કરલે છે.

## સેકટર-૩૦ના ઝુલેલાલ મંદિરમાં ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૩૦માં આવેલ ઝુલેલાલ સાંઈબાબા મંદિરમાં દ્વિતીય ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉલ્લાસ અને ઉમંગથી ઉજવણી તા.૩ જુલાઈના રોજ ઉજવવામાં આવશે.

તા. ૩ જુલાઈના હાકડ આરતી સવારે ૫.૦૦ કલાકે થશે. મંગલ સ્નાન આભિષેક, શૃંગાર આરતી, પાદુકા પૂજન, મધ્યાગન આરતી, મહા આરતી યોજાશે.

લાલાચંદભાઈ સી. ગોપલાણી પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી સીંધી પંચાયત ગાંધીનગરે જણાવેલ છે.

## શ્રીજીનો સવા લાખ કેરીનો મનોરથ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલ કલ્યાણપુષ્ટિ હવેલી ખાતે સવા લાખ કેરીનો શ્રીજીનો મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭મીને રવિવારે આ મનોરથ ઉજવવામાં આવનાર છે.

સંસ્થાની યાદીમાં જણાવાયા મુજબ શુધ્ધાદ્વૈત ષષ્ઠાધીશ્વર પ.પૂ. ગોં. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજની પ્રેરણાથી કેરી મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેરી મનોરથના દર્શનનો સમય સાંજે ૫.૩૦ થી ૮.૩૦ દરમિયાન રાખવામાં આવ્યો હોવાનું પણ યાદીમાં જણાવાયું છે.

### ગુજરાતનું ગૌરવ

## સી.સી.આઈ.એમ.ના સભ્યપદે નોમિનેટ થતા ડૉ. જી. કે. મનસુરી

ગાંધીનગર, તા. ૧૬

અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલયના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તરીકે ફરજો બજાવતા ડૉ. જી.કે. મનસુરીની કેન્દ્ર સરકાર દ્વારા સી.સી.આઈ.એમ. (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડીસીન)ના સભ્ય તરીકે તાજેતરમાં નિમણૂંક કરવામાં આવેલ છે. સી.સી.આઈ.એમ.ના સભ્યપદે ગુજરાતમાંથી પહેલી જ વખત આવી નિમણૂંક કરવામાં આવેલ છે. જે ગુજરાતના આયુર્વેદ ક્ષેત્ર સાથે સંકળાયેલા સહુ કોઈ માટે ગૌરવની બાબત છે.



ડૉ. મનસુરી છેલ્લા પાંચ ટર્મથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સેનેટ/સિન્ડીકેટ મેમ્બર તરીકે કાર્યરત છે. તેઓ સરકારી આયુર્વેદ કોલેજ પ્રોફેસર્સ એસોસિયેશનના પ્રમુખ તરીકે તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી પ્રોફેસર્સ ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. અખંડાનંદ હોસ્પિટલ દ્વારા યોજવામાં આવતા સારવાર/નિદાન કેમ્પોમાં પણ તેઓ સેવાઓ આપે છે. ડૉ. મનસુરી ગુજરાત ખેડાલ મનસુરી સમાજના કાર્યકારી પ્રમુખ છે. ગુજરાતના સમગ્ર મુસ્લિમ સમાજમાંથી આ પ્રકારની સિદ્ધિ મેળવનાર ડૉ. મનસુરી પ્રથમ વ્યક્તિ છે.

# પપ્પાએ આપેલી તાલીમ થકી જ અમે સંગીત ક્ષેત્રે નામના મેળવી શકયા છીએ

## પપ્પાને આદર્શ માનતા નિશા ટીચરના માર્ગદર્શન હેઠળ શહેરના હજારો બાળકોએ સંગીતની તાલીમ લીધી છે

સંબંધ સજાવે જિંદગી

**થેન્ક્યુ પપ્પા**

- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

'બાળપણમાં પપ્પાએ જબરદસ્તી અપાવેલી સંગીતની તાલીમ આજે અમને ત્રણેય ભાઇ-બહેનોને ખુબ કામ આવી રહી છે. પપ્પા જ અમારા આદર્શ છે.' આ શબ્દો છે ગાંધીનગરના બાળકોમાં ખુબ જાણીતા સંગીત શિક્ષક નિશા ટીચરના. અત્યારે વિરમગામની સેન્ટ્રલ સ્કૂલમાં મ્યુઝિક ટીચર તરીકે ફરજ બજાવતાં નિશા ટીચર 'ફાધર્સ ડે' નિમિત્તે પોતાના પપ્પાને કહે છે 'થેન્ક્યુ પપ્પા...'

ગાંધીનગરના સંગીત શિખવા ઇચ્છૂક બાળકોમાં નિશા ટીચરનું નામ ખૂબ ફેવરીટ છે. વિશારદ કરવું હોય, ધો-૧૦માં સંગીત વિષયની પરીક્ષા આપવી હોય કે શાળાના વાર્ષિકોત્સવ માટે શાસ્ત્રીય રાગો આધારિત કોઇ ગીત તૈયાર કરવું હોય, બાળકો નિશા ટીચર પાસે જ દોડી જતાં. સેકટર-૨૭ માં આવેલું તેમનું ઘર સંગીતના વિદ્યાર્થીઓથી આખું દિવસ ગુંજતું રહેતું અને અહીંથી વિવિધ સૂર રેલાતા જો કે છેલ્લા કેટલાક સમયથી તેઓ સાણંદમાં સ્થાયી થયા છે, તેમ છતાં તેમનાં શિષ્યો આજેય તેમને યાદ કરે છે. આવા લોકપ્રિય શિક્ષક નિશા ટીચર કહે છે કે 'આજે હું જે કાંઇ પણ છે તે મારા પપ્પાના કારણે જ છું. અમદાવાદની અંધશાળામાં સંગીત શિક્ષક તરીકે ફરજ બજાવતા મારા પપ્પા પ્રવિણકુમાર પરમારે અમને ત્રણેય ભાઇ-બહેનોને સંગીતમાં પારંગત બનાવ્યા જ છે. સાથે જ ઘણા અંધ વિદ્યાર્થીઓને સંગીતની સઘન તાલીમ આપી પગભર



કર્યા છે. અમે નાના હતા ત્યારે વેકેશનમાં ફરજિયાત અમારે તેમની પાસે સંગીત શીખવું પડતું.' તેમની સાથે બેસીને ગાવું વગાડવું પડતું, બાળક હતા એટલે પહેલાં તો આ બધું ખૂબ કંટાળાજનક લાગતું. રમવાનો સમય ન મળતો એટલે અમે એવું ઇચ્છતા કે ક્યારેય વેકેશન ન પડે તો સારું. પરંતુ આજે આટલી સફળતા મળ્યા બાદ હું એટલું તો કબૂલ કરું છું કે તેમના કડક અનુસાશને અમારી કેરિયર બનાવી છે. જો અમને તેમણે સંગીતમાં રસ લેતાં કર્યા ન હોત તો આજે પરિસ્થિતિ કંઇક જુદી જ હોત. અને હા પપ્પાને હું થેન્ક્યુ કહું છું. તો તેમના પડછાયા જેવી મમ્મી ભારતીબેનનું ઋણ પણ ક્યારેય ન ચુકવાય. પોતે જોઇ શકતા હોવા છતાં તેમણે મારા પપ્પા જેવા અંધ વ્યક્તિ સાથે લગ્ન કરી સાહસ કર્યું એટલું જ નહીં લગ્ન પછી સંગીત પણ શીખવ્યું અને અમને પણ આદર્શ જીવનની શિક્ષા આપી.'

ગાયનમાં શિક્ષા વિશારદ અને ગિટારમાં વિશારદ એવા નિશાબેન કહે છે કે, હું તેમની દીકરી છું એટલે તેમના વખાણ કરું પરંતુ એવા ઘણા અંધ યુવાનો છે. જેઓ મારા પપ્પાને આદર્શ માને છે. તેઓ નિવૃત્ત થયા ત્યારે તેમની લોકપ્રિયતા અને નજરે નિહાળી ત્યારે જ ખ્યાલ આવ્યો કે પપ્પાએ તેમની ત્રણ દાયકા કરતા વધુની સંગીત શિક્ષકની નોકરીમાં અંધ યુવાનોને સફળ જીવનની રાહ ચિંધી છે.

દેશના ખુણે ખુણેથી આવેલા તેમના વિદ્યાર્થીઓએ પપ્પાનું બહુમાન કર્યું હતું. આજે 'ફાધર્સ ડે' છે ત્યારે મારે પપ્પાને મારી લાગણીઓ દ્વારા એક અનોખી ભેટ આપવી છે...!

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૭૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ફરારી કી સવારી : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : ફરારી કી સવારી : ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૦૦
રાઉડી રાઠોડ : ૧.૧૫, ૪.૦૦
ફરારી કી સવારી : ૬.૪૫, ૯.૩૦
સ્ક્રીન-૪ : પીરાન્હા ૨ડી (હિન્દી) : ૧૧ , ૧ ,૫.૩૦, ૧૦.૧૫
શાંઘાઈ : ૩.૦૦
ફરારી કી સવારી : ૬.૩૦
રાઉડી રાઠોડ : ૭.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ : પીરાન્હા ૩ડી (હિન્દી) : ૧૦.૩૦, ૯.૦૦
પ્રોમેથિયસ ૩ડી(હિન્દી) : ૧૨.૧૫, ૪.૩૦,
શાંઘાઈ : ૬.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૨ :
ફરારી કી સવારી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૪૫
ફરારી કી સવારી : ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ધ સુપર હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સવારે ૯.૦૦ કલાકે અંબર કો. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લિ. ગાંધીનગર દ્વારા સાધારણસભા.

### ટાઉન હોલ

- સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી. આર.એન. લલિતકલા અકાદમીના નેજા હેઠળ રવિવારે બપોરે ૨.૩૦ કલાકે કુમારી ધરાંગી પટેલનું આરંગેત્રમ.
- રાત્રે ૯.૩૦ કલાકે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા 'પપ્પાના પ્રેમ લગ્ન' નાટક.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : આપના ગેરવર્તનથી વિરોધીઓ હાવી થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો ભેંટની પ્રાપ્તિ સંભવ છે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર પૂરતું ધ્યાન આપવું. ઋણની ચિંતા થશે.

**વૃષભ** : આર્થિક સધ્ધરતા પ્રાપ્ત રહેવાથી સંતોષ રહેશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. સંલાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કામની ગતિ અનુકૂળ રહેશે.

**મિથુન** : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ભવિષ્યની ચિંતા આપને સતાવશે. કાર્યોમાં સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો પડશે. નોકરીક્ષેત્રમાં બદલીની સંભાવનાઓ છે.

**કર્ક** : આત્મવિશ્વાસઅને સાહસથી કરેલા કાર્યમાં લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ મળી રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી અને પ્રશ્નોની ચિંતા દુર થતી જણાશે.

**સિંહ** : કોઈ પણ કાર્ય ધૈર્યથી પૂર્ણ કરવું. બીજાના પ્રત્ય અતિ વિશ્વાસ મુકતાં પહેલાં વિચારવું. વ્યવસાયિક યોજનાઓમાં સ્વયંની પ્રતિષ્ઠા અને સન્માનની અનુરૂપ કાર્ય કરવું.

**કન્યા** : આપના દ્વારા કરાયેલા ધન સંચયમાં વધારો થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. વ્યાપારના કાર્યથી પ્રસન્નતાનું વાતાવરણ બની રહેશે. વ્યાપાર- વ્યવસાયમાં કાર્યના વિસ્તારની યોજનાઓ બનશે.

**તુલા** : આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**વૃશ્ચિક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**ધન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**મકર** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**કુંભ** : કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

## ચિરવિદાય

- સ્વ. જલુભાઈ ખોડાભાઈ દંતાણી (ઉ.વ. ૬૦) સેકટર-૩/ન્યુ ના કાચા છાપરાં ઘ-૧ પાસે, ગાંધીનગર.